# વહીવટી -વ- હિસાબી અધિકારીશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)


દૈનીક દરે રોકવામાં આવેલ રોજમદાર ઇસમોનું માર્ચ-૨૦૧૫નું મસ્ટર બીલ તા. ૩૧/૦૩/૨૦૧૫ના રોજ સાંજ સુધીમાં રજુ કરવા બાબત......

## -: પરિપત્ર :-

તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે દૈનીક દરે રોકવામાં આવતા રોજમદાર ઇસમોના તા. ૩૧/૦૩/૨૦૧૫ સુધીના મસ્ટર બીલો ચાલુ વર્ષ ૨૦૧૪-૧૫માં જે તે બજેટ હેડમાં રીકરીંગ સદરે જો પૂરતી ગ્રાંટ હોય તો આપની કચેરીનાં મસ્ટર બીલો અત્રેની કચેરીને તા. ૩૧/૦૩/૨૦૧૪ની સાંજ સુધીમાં રજુ કરવામાં આવશે તો માર્ચ માસના મસ્ટર બીલનો ખર્ચ ચાલુ વર્ષમાં જ કરી શકાય અને દૈનિક દરે રોકવામાં આવતા ઇસમોને સમયસર વેતન ચુકવી શકાય.

આથી માર્ચ-૨૦૧૫ના મસ્ટર બીલો તા. ૩૧/૦૩/૨૦૧૫ના રોજ રોજમદાર ઇસમોની હાજરી ધ્યાને લઇ મસ્ટર બીલો તા.૩૧/૦૩/૨૦૧૫ના રોજ અત્રેની કચેરીને સાંજ સુધીમાં અચુક મોકલી આપવાના રહેશે તેમજ તે અંગેનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષની ફાળવેલ ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીની મળેલ મંજુરી અનુસાર જારી કરવામાં આવે છે.

વહીવટી -વ- હિસાબી અધિકારી

નં. આકૃયુ/વવહિઅ/પરિપત્ર/ 7088 /૨૦૧૫
તારીખ: ૧૯/૦૩/૨૦૧૫

નકલ રવાના :

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ થવા સારૂ.

(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ થવા સારૂ.

(૩) અંગત મદદનીશ, હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.